# પ્રવાસી પંખીઓ



મોંસૂઝણું થવા આવ્યું હતું. ઉગમણે દરવાજે સૂરજ આભ ઉઘાડતો હૂંફાળો લાગતો ગતો. ધુમ્મસ આચ્છાદિત શિયાળાની ગુલાબી ઠંડીને માણતાં કોયલ અને પોપટ નળ-સરોવરના કાંઠે દૂર દેશાવરથી આવેલાં યાયાવર પંખીઓને જોવા ઓળખતા આવ્યાં હતાં.

સૂરજ આકાશે ચડતો મધ્યાહ્ને આવ્યો હતો. સરોવરમાં બતક અને તેના બચ્ચાં દોડ્યાં તર્યાં કરતાં હતાં. ફ્લેમિંગો-જળકૂકડી વિહાર કરતાં હતાં.

કોયલનું ધ્યાન સુરખાબ તરફ જાય છે.

પોપટ ઈશારો કરીને સુરખાબને નજીક બોલાવે છે.

“ગુડમોર્નિંગ ! શિયાળો માણવા આવ્યાં છો?” પોપટ સંબોધે છે.

“હા, છેલ્લાં ત્રણ-ચાર વર્ષથી આવું છું. મારો જન્મ પણ અહીં થયો હતો. બેવડો આનંદ છે. અમારા સાઈબેરિયામાં શિયાળો ઘણો ઠંડો કાતિલ, બરફ આચ્છાદિત, નાના-મોટા ટાપુઓથી છલકાતા નળસરોવર પ્રત્યે અદકેરું આકર્ષણ રહ્યું છે. ” સુરખાબ ખુશી વ્યક્ત કરે છે.

“હજારો કિલોમીટરનો પ્રવાસ કેવી રીતે કરો છો? કોણ માર્ગ ચીંધે છે? કોઈ મુશ્કેલી નથી આવતી? ક્યા બળે લાંબો પ્રવાસ ખેડો છો? ” કોયલ પોપટની સામે જોતાં સુરખાબને સવાલ કરે છે.

એટલામાં કોઈએ બૂમ પાડી : “એ...ય...ફ્લેમિ...આમ આવ, ક્યાં ગયો.... નાસ્તો નથી કરવો...?”

“મારી મમ્મી બોલાવી રહી છે. તમે પણ ચાલો, અમારા વિશે ઘણું જાણવા મળશે. ઘણાં બધાં વડીલો ત્યાં છે. ” ફ્લેમિ-સુરખાબ નિમંત્રણ આપી પંખીઓના ઝૂંડમાં એમને લઈ આવે છે. તે બંનેની ઓળખાણ કરાવે છે.

“મમ્મી... આ પોપટભાઈ અને આ કોયલબહેન. બંને મિત્રો આપણાં વિશે જાણવા માંગે છે. પોપટભાઈ માણસની જેમ બોલે છે. કોયલબહેન ઘણું સારું ગાય છે. પણ અહીંયા આવતાં બીતાં હતાં.” ફ્લેમિ-સુરખાબ મમ્મીને માહિતી આપે છે.

“પંખીએ પંખીથી બીવાનું ન હોય... ખેર એમની વાત જુદી છે... શું પૂછતાં હતાં મારા તોફાની ફ્લેમિને ?” ફ્લેમિનાં મમ્મી પૂછે છે.

“પૂછવાનું એ છે કે તમે ઉડાન કેવી રીતે ભરો છો?” પોપટે કહ્યું.

“જુઓ” નળસરોવરનાં હુંફાળાં જળરાશિમાં સવાચારસો જાતનાં અમે યાયાવર પંખીઓ દર વર્ષે આવીએ છીએ. અમારું વતન ચીન, સાઈબેરિયા, રશિયા અને યુરોપનાં દેશો છે. અમે તો વિઝા-પાસપોર્ટ વિનાના જગપ્રવાસીઓ !

અમે સૌ સારંગકુળના (ક્રેઈન) તમારાં સારસ-સારસીને મળતાં સમજી લો.”

“અમારાં જુદા-જુદા નામો છે. કોઈ અમને કૂંજ, વૅગેટીએલ, રેડ સ્ટાર્ટ, પેઈ –ટેડસ્ટ્રોક, વ્હાઈટ સ્ટ્રોક, ઓપન બીલથી સંબોધે છે.

“અમારું ઉડાન રાત્રિ દરમિયાન, દિવસે ચણ ચરવાને આકાશથી ઉતરીએ. ચંદ્ર-તારા-નદી-નાળાં-પર્વતોને ધ્યાનમાં રાખી વડીલો માર્ગ નક્કી કરે.

“અમારું સ્થળાંતર મોસમના સમયચક્ર પ્રમાણે ને તે પણ કુદરતી.”

“વાવાઝોડાં અને અન્ય પ્રાકૃતિક ફેરફારોને પારખવાની શક્તિ ધરાવીએ. ધરતીનું ચુંબકીય તત્વ પ્રવાસની દિશા નક્કી કરે છે.” ફ્લેમિ સુરખાબનાં મમ્મી માહિતી પૂરી પાડે છે.

“ઉડાન સમૂહમાં કે વ્યક્તિગત?” કોયલ બાકી રહેતું હોય તેમ પૂછે છે.

“ઉડાન સમૂહમાં, નવજાત બાળકો, બીમાર તેમ જ માદા પંખીઓ આગળ રાખવામાં આવે. પાછા ફરતી વખતે આ ક્રમ પાછળ રાખવામાં આવે છે. યુવાન અને નર પંખીઓ અમારું રક્ષણ કરે.” ફ્લેમિનાં મમ્મી વધુ માહિતી આપે છે. “કોયલબહેન.... કાંઈ પૂછવું બાકી રહ્યું અમારા વિશે? તમે તો કોઈ વિગત આપી નહીં તમારા વિશે ! ” ફ્લેમિ-સુરખાબ જણાવવા કહે છે.

“ફ્લેમિ... અમે પણ પંખી ઉષ્ણ કટિબંધના વિશ્વના દેશો જેવા કે આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, શ્રીલંકા, દ. અમેરિકામાં જોવા મળીએ. સ્થળાંતરની જરૂર હોતી નથી. અમારો ખોરાક ચણ અને ફળાહાર –શાકાહારી, માળો બાંધી રહીએ. અમારા બંને કુળનો કંઠ અવાજ સૂરીલો ” પોપટ ઓળખ આપે છે.

“આવતી સાલ આવજો...જરૂર મળવા....આવજો....”

ફ્લેમિ આવ...વ જો... જો બાય...?” કહેતાં કોયલે સૂરીલો ટહૂકો કર્યો.

વિઝા કે પાસપોર્ટ વિનાનાં આ વિશ્વપ્રવાસી યાયાવર પંખીઓ જીવનનો આનંદ લૂંટતાં, સ્થળાંતર કરતાં, નીજ સ્વાર્થ ખાતર લડતી-ઝઘડતી દુનિયાને પ્રેમ-ભ્રાતૃભાવ વિશ્વ-કુટુંબનો સંદેશો દેતાં કિલ્લોલતાં રહે છે.

વાર્તા: જાદુઈ વાંસળી

લેખક: રશીદ મુનશી